જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૮/૨૦૧૫ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૪૫/૧૫**

### ગુજરાત હાઈકોર્ટનો બોગસ ઓર્ડર બનાવનાર હોમી મરાઠાની ધરપકડ કરતી અમદાવાદ ક્રાઈમબ્રાન્ચ

ગઈ તા: ૨૬/૫/૨૦૧૫ સંજય જગદીશ દલાલ ઉ.વ.૪૩, રહે-ફ્લેટ નં-૧૪૦૪,ડી-૨,બીલ્ડીંગ ધ લેજન્ડ સેકટર-૫૭ ગુડગાંવ હરીયાણા હાલ રહે- આર્મી કેન્ટોનમેન્ટ બીકાનેર રાજસ્થાન નાઓએ ક્રાઈમબ્રાન્ચ ખાતે ફરીયાદ આપેલ કે, પોતે સ્ટાફ ઓફિસર્સ ઈન સ્ટેશન હેડ ક્વાટર્સ તરીકે ફરજ બજાવતાં અને કર્નલ બનવા માટેની પરીક્ષા પાસ કરેલ હોવા છતાં આર્મી તરફથી ફરીયાદીને પ્રમોશન આપવામાં આવેલ ન હોય જે આર્મીના ઓર્ડરની વિરૂધ્ધમાં પ્રમોશન મેળવવા સારુ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરવા સારુ પોતે હોમી મરાઠા નામના વકીલ સાથે વાત કરતાં નોકરીના પેપર્સ લઈ આવવા જણાવતાં જે લઈને આરોપીની ઓફિસ ૫૫,આઝાદ સોસાયટી આંબાવાડી ખાતે ગયેલ જ્યાં કેસ દાખલ કરવાના રૂપિયા ત્રણ લાખ આપવાનુ નક્કી થતાં આ માટે જરૂરી વકાલતનામા માં સહી કરી આપેલ અને આ કેસ લડવાના રકમ પૈકી રૂ. ૧,૬૦,૦૦૦/- હોમી મરાઠાએ લીધેલ અને આ પછી ફરીયાદીની રાજસ્થાન બીકાનેર ખાતે બદલી થયેલ હોય જેથી આરોપીઓએ તમારી પીટીશન હાઈકોર્ટમાં સ્પે.સિ.એપ્લીકેશન નં. ૧૦૭૪૫/૨૦૧૧ થી દાખલ થયેલ છે. અને આ હુકમની ફરીયાદીને કોપી ઈ-મેઈલ થી મોકલી આપેલ. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસશ્રી એચ.કે.રાઠોડ સાહેબની સહીવાળા તા.૧૨/૮/૨૦૧૧ ના હુકમ હોય ફરીયાદીએ બાકીના રૂ.૧,૪૦,૦૦૦/- આપી દીધેલ. આ હુકમની કોપી આર્મીમાં રજુ કરતાં આર્મી દ્વારા અસલ હુકમ ની માંગણી કરતાં જેથી ફરીયાદીએ આરોપી હોમી મરાઠા પાસે અસલ હુકમની કોપી જેમાં લાલ સિક્કો મારેલ હોય તેની માંગણી કરતાં થોડા દિવસ પછી આપી જઈશ તેવુ જણાવેલ. આ પછી ફરીયાદીને તેના પર શંકા જતાં હાઈકોર્ટ સ્ટેટસ ચેક કરતાં સ્પે.સીવીલ.એપ્લી.નં-૧૦૭૪૫/૨૦૧૧ની અરજદાર નીલાબહેન નવલરામ ભુસારા ના નામની હોય જેથી હાઈકોર્ટ રજીસ્ટ્રારને પત્ર લખી વિગત માંગતા ફરીયાદીના નામે હાઈકોર્ટમાં કોઈ અરજી દાખલ થયેલ ન હોવાનુ જણાઈ આવતાં પોતાની સાથે રૂ. ૩,૦૦,૦૦૦/- ની છેતરપીંડી થયેલ હોવાનુ જણાઈ આવતાં ફરીયાદીએ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ હોવાની હકીકત આધારે આ ગુનો દાખલ થયેલ છે,

આ ગુનાની તપાસ દરમ્યાન આ કામના આરોપી હોમી નવીનચંદ્ર મરાઠા તથા તેના પિતા નવિનચંદ્ર નાનુભાઈ મરાઠાએ ફરીયાદી સાથે છેતરપીંડી કરી નાણા પડાવેલ વિગત આધારે દાખલ થયેલ ગુનાની તપાસ પો.ઈન્સ. જે.એસ.ગેડમ નાઓને સોંપવામાં આવેલ. આ કામના આરોપીઓ શોધી કાઢવા ના પ્રયત્નો દરમ્યાન આ કામના આરોપી હોમી નવીનચંન્દ્ર મરાઠા ઉવ. ૩૬ રહે. ૫૫,આઝાદ સોસાયટી બ્રમભટ્ટ હોલ પાસે, સહજાનંદ કોલેજ પાછળ આંબાવાડી અમદાવાદ નાનો મળી આવતાં ગુનાના કામે તા.૧૩/૦૮/૧૫ ના રોજ પકડવામાં આવેલ છે. જે આરોપીની પુછપરછ દરમ્યાન પોતે ફરીયાદીને આ હાઈકોર્ટનો હુકમ મેઈલ કરી મોકલેલ હોવાની હકીકત જણાવેલ છે.દરમ્યાન જાણવા મળેલ કે, તેમના પિતા નવીનચંદ્ર મરાઠા નાઓને બાર કાઉન્સીલમાંથી વકાલત સસ્પેન્ડ કરવામાં આવેલ છે. અને ગુનાહીત ઈતીહાસ ધરાવે છે. તેઓ વિરુધ્ધમાં અગાઉ પણ ધોળકા પોલીસ સ્ટેશનમાં છેતરપીંડીના આશરે ૧૪ જેટલા કેસોમાં પકડાયેલ છે. હાલ આરોપીના રીમાન્ડ મેળવી વધુ વિગતો બહાર આવે તેમ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**.૨ સ્કોર્ડ ચાર વર્ષ પહેલા ચાંદખેડા પો.સ્ટે.વિસ્તારમાં 'ધ મોબાઇલ સ્ટોર' માં થયેલ ધાડનો ભેદ ઉકેલી ત્રણ આરોપીઓની ધરપકડ કરી"**

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી મનોજ શશીધર સેકટર.૨, અમદાવાદ શહેર નાઓએ સ્કોર્ડ પોસઇ એચ.વી.સીસારા તથા સ્કોર્ડના માણસોને સુચના કરેલ કે, "અમદાવાદ શહેરમાં અનડીટેકટ રહેલ ગુનાઓના આરોપીઓની તપાસમાં રહી મળી આવે કાયદેસર કાર્યવાહી કરવી" જે અનુસંધાને સ્કોર્ડના પોસઇ તથા માણસો સેકટર.૨ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન સ્કોર્ડને મળેલ ચોકકસ અને આધારભુત ખાનગી બાતમી હકિકત આધારે અમરાઇવાડી વિસ્તારમાં સતનામ એસ્ટેટ સામેથી (૧) **શાહનવાઝ ઉર્ફે કાગડો સ/ઓ ઇસ્તીયાકઅહેમદ અબ્દુલરસીદ અન્સારી ઉવ.૩૨ ધંધો.નોકરી રહે.ઘર નં.૧૪૭/૧, ચારતોડા કબ્રસ્તાન, ગોમતીપુર, અમદાવાદ** (૨) **આશીક ઉર્ફે પારલે સ/ઓ નુરમીયાં નજરઅલી શેખ ઉવ.૨૯ ધંધો.નોકરી રહે.કાંકરીયા યાર્ડ, વોરાના રોઝા, સલાટનગર, રેલ્વેના છાપરા, ગોમતીપુર, અમદાવાદ** (૩) **મોહસીન સ/ઓ નુરમહમંદશા બીસ્મીલાશા ફકીર ઉવ.૨૩ ધંધો.શિક્ષા ડ્રાઇવીંગ રહે.ઘર નં.૧/૨૦૨, સલાટનગર, અંબીકામીલ, ખોખરા બ્રિજ નીચે, ગોમતીપુર, અમદાવાદ** નાઓને રોકી ઝડતી તપાસ કરતાં એક ધારદાર છરી મળી કુલ્લે કિ.રૂ.૫૭૦૦/- ના મુદ્દામાલ મળી આવેલ જેઓની સઘન પુછપરછ કરતાં ચાર વર્ષ અગાઉ ચાંદખેડા વિસ્તારમાં સંગાથ મોલમાં ધી મોબાઇલ સ્ટોર નામની દુકાનમાં ધાડનો ગુનો કર્યાની કબુલાત કરતાં હોય સીઆરપીસી ૪૧(૧)એ મુજબ ધરપકડ કરી જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ ફરીયાદ આપી અમરાઇવાડી પોલીસ સ્ટેશન સોંપલ છે.

ઉપરોકત ગુનાની હકિકત એવી છે કે, ચાંદખેડામાં ઓએનજીસી પાસે આવેલ સંગાથ કોમ્પલેક્ષમાં ધી મોબાઇલ સ્ટોર નામની દુકાનમાં ગઇ તા.૧૯.૬.૨૦૧૧ ના રાત્રીના અગીયાર વાગ્યાના સુમારે એક અજાણ્યો ઇસમ આવી દુકાનમાં હાજર ઇસમ ઉપર ચપ્પાના ઘા ઝીંકી રોકડ નાંણા રૂ.૭૦,૦૦૦/- ની લુંટ કરી નાસી ગયેલ જે અંગે મોલમાં હાજર સીકયુરીટીવાળા કેતનભાઇ દલાભાઇ નાણચોલીયા નાઓએ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફસ્ટ ગુરનં.૧૪૫/૨૦૧૧ ઇપીકો કલમ ૩૯૭ મુજબનો ગુનો રજીસ્ટર કરાવેલ, જે ગુનો આજદીન સુધી અનડીટેકટ રહેવા પામેલ હતો.

ઉપરોકત ત્રણેય ઇસમોને ગુના સબંધે પુછતા જણાવેલ કે, નં.૧ શાહનવાઝ ઉર્ફે કાગડો જે તે સમયે ચાર વર્ષ અગાઉ ચાંદખેડા સંગાથ મોલમાં ધી મોબાઇલ સ્ટોરની દુકાનમાં નોકરી કરતો હતો અને તેને નાણાં ભીડ હોય સદરીએ પોતાના મિત્ર નં.૨ આશીકને સાથે રાખી પ્લાન બનાવી પોતે જે દુકાનમાં નોકરી કરે છે તે જ દુકાનમાં પોતાના સાગરીતોને બોલાવી ચપ્પુ બતાવી પોતોને જાતે લુંટાવી દેવાનુ કાવતરુ ઘડી નાખેલ અને જુરુ જણાય તો નાની મોટી ઇજા પણ કરવી તેવો પ્લાન બનાવેલ જે પ્લાનને અંજામ આપવા આશીકે તેના મિત્ર નં.૩ મોહસીનને સાથે રાખેલ અને લુંટ કરવા ગયેલ અને મોહસીને દુકાનમાં જઇ શાહનવાઝને ચપ્પાના ઘા ઝીંકી ઇજાઓ પહોચાડી રોકડ નાણાં રૂ.૭૦,૦૦૦/- ની લુંટ કરી મોહસીન તથા આશીક નાસી ગયેલ અને નં.૧ શાહનવાઝને જે તે સમયે ઇજાઓ થયેલ હોય ચાલીસ જેટલા ટાંકા આવેલ હોય પોતે સાક્ષી બની ગયેલ બાદમાં ત્રણેય જણાંએ લુંટમાં મળેલ નાણાં વહેચી લીધેલ હતાં.

આમ સેકટર.૨ સ્કોર્ડ ચાર વર્ષ પહેલા ચાંદખેડા પો.સ્ટે.વિસ્તારમાં 'ધ મોબાઇલ સ્ટોર' માં થયેલ ધાડના અનડીટેકટ રહેલ ગુનાનો ભેદ ઉકેલી ત્રણ આરોપીઓની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરેલ છે



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## મોટર સાયકલ ઉપર ચીલ ઝડપ કરી ચેઈન ની લુંટ કરનાર એક ઈસમને પકડતી ક્રાઈમબ્રાન્ચ.

અમદાવાદ શહેરના જાહેર માર્ગો ઉપર મોટર સાયકલ ઉપર આવી ચીલ ઝડપ કરી ગળામાં પહેરેલ સોનાની ચેઈનની લુંટ કરવા અંગેના બનાવો બનવા પામતા હોય જેથી આવા ગુન્હાઓ બનતા અટકાવવા તથા શોધી કાઢવા સારુ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય જે અનુસંધાને શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર તથા શ્રી કે.એન.પટેલ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓની સુચના અનુસંધાને આજરોજ તા.૧૪/૮/૨૦૧૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એસ.ગેડમ નાઓની ટીમના પો.સ.ઈ. શ્રી બી.એચ.કોરોટ નાઓ તેઓના સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં આવા ગુનાઓ શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન મળેલ ચોક્કસ બાતમી આધારે વટવા ગેબનશાપીર ની દરગાહ પાસે રોડ ઉપર આસીફ ઉર્ફે અલગશે રૂસ્તમભાઇ શેખ ઉ.વ. ૨૬ ધંધો- ડ્રાયવીગ રહે. મકાન નં; બ્લોક નં. ૩૧ મકાન નં.૯૭૬ વસત ગજેન્દ્ર ગડકર નગર ચારમાળીયા રેલ્વે ક્રોસીગ પાસે વટવા અ'વાદ નાને તેના કબજાની સોનાની ચેઈન નંગ-૧ કિ.રુ. ૩૦૦૦૦/- ની તથા તેઓના કબ્જાની ચોરી ની બજાજ પલ્સર મોટર સાયકલ નં જેની કિ.રૂ.૪૦,૦૦૦/- ગણી જે કુલ્લે કિ. રુ.૭૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી લઈ જેઓના કબ્જાનો આ મુદ્દામાલ કબ્જે કરી સી.આર.પી.સી. ૪૧(૧)ડી મુજબ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ.

સદર પકડાયેલ આરોપીની પુછપરછ કરતાં આરોપી અગાઉ કાગડાપીઠ પો.સ્ટે તથા અમરાઇવાડી પો.સ્ટે રીક્ષા માં પેસેન્જર ને બેસાડી લુંટી લેવાના લુંટ ના ગુના માં પકડાયેલ છે આરોપી પોતાના મિત્ર જાકીર ઉર્ફે પાલે ઇસ્માઇલ શેખ રહે. વટવા ચારમાળીયા બ્લોક નં-૫ વટવા સાથે ભેગા મળી બન્ને જણા એ આજથી વીસ દીવસ પહેલા સાબરમતી રીવરફ્રન્ટ માં થી બજાજ પલ્સર મોટર સાયકલ ચોરી કરી તેનો નંબર બદલી નાખી તે બાઇક ઉપર બન્ને જણા ચેઈન સ્નેચીંગ કરવાનુ પ્લાન બનાવેલ અને એકલ દોકલ જતી મહિલાઓને ટાર્ગેટ બનાવી બન્ને જણા મોટર સાયકલ પર આવી ચીલઝડપ કરી મહિલાના ગળામાંથી ચેઈન તોડવાનુ કામ કરેલ હોવાનુ અને તે મુજબ વટવા પુનિત નગર ક્રોસીગ પાસે રીક્ષા માં જતી મહીલા ના ગળા માંથી સોનાની ચેઈન ખેંચેલ હોવાની કબુલાત કરતાં તેમજ આરોપી વટવા પો.સ્ટે મારામારી ના ગુના માં પણ વોન્ટેડ હોય જે આધારે તપાસ કરતાં નીચે મુજબના ચેઈન સ્નેચીંગ તથા વાહન ચોરી ના ગુનાઓ શોધાયેલ છે.

1. વટવા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૦૭/૨૦૧૫ ઈ.પી.કો.કલમ ૩૯૨,૧૧૪ મુજબ
2. રીવરફ્રન્ટ વેસ્ટ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૫/૨૦૧૫ ઈ.પી.કો.કલમ ,૩૭૯ મુજબ
3. વટવા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૩૩૮૪/૨૦૧૫ ઈ.પી.કો.કલમ ૩૨૩,૨૯૪]ખ],૧૧૪ મુજબ

### : આરોપીઓનો પુર્વ ઈતિહાસ :-

(૧) આસીફ ઉર્ફે અલગશે રૂસ્તમભાઇ શેખ નાનો અગાઉ કાગડાપીઠ પો.સ્ટે. તેમજ અમરાઇવાડી પો.સ્ટે. રીક્ષા માં પેસેન્જર ને બેસાડી લુંટી લેવાના લુંટ ના ગુના માં પકડાયેલ છે

આમ, આરોપીની પુછપરછ દરમ્યાન એ રીતેના ઉપર મુજબના ગુનાઓ નો ભેદ શોધાયેલ છે. આરોપીની વધુ પુછપરછ કરી આ પ્રકારની મોડસ ઓપરેન્ડી વડે બનેલ અન્ય વણશોધાયેલ ગુન્હાઓમાં આરોપીની સંડોવણી બાબતેની વધુ તપાસ તજવીજ પો.ઈન્સ.શ્રી જે.એસ.ગેડમ તથા તેઓની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)